# ફેનેસ્ટાએ અમદાવાદમાં એનો રિટેલ શોરૂમ ખોલ્યો



ભારતમાં બારી અને બારણાઓની સૌથી મોટી બ્રાન્ડ તથા એનાં સેગમેન્ટમાં માર્કેટ લીડર ફેનેસ્ટાએ વધુ એક નવો શોરૂમ ખોલવાની સાથે એનાં રિટેલ વિસ્તરણની કામગીરીને આગળ વધારી છે. આ એક્સક્લૂઝિવ શોરૂમ એએસ સ્ટુડિયો એ/૦૨, એલાન્ઝા ક્રેસ્ટ, સિગ્મા હાઉસની પાછળ, બોડકદેવ, અમદાવાદમાં સ્થિત છે તથા અહીં શ્રેષ્ઠ યુપીવીસી વિન્ડોઝ અને ડોર્સ ઉપલબ્ધ છે.

આ લોંચ સાથે ફેનેસ્ટાએ અમારાં હાલનાં અને સંભવિત ગ્રાહકો માટે ઈન્ટરેક્ટિવ અને ઈન્ફોર્મેટિવ ખરીદીનો અનુભવ સુનિશ્ચિત કરવા વધુ એક સીમાચિહ્ન સર કર્યું છે. ફેનેસ્ટાનાં શોરૂમ ગ્રાહક સુધી મહત્ત્વપૂર્ણ પહોંચ ઊભી કરવા અને માર્કેટ લીડર તરીકે એની પોઝિશનને મજબૂત કરવામાં સફળતાપૂર્વક પ્રદાન આપે છે. ભારતમાં યુપીવીસી વિન્ડોઝ અને ડોર્સ ઉદ્યોગમાં ઝડપી વૃદ્ધિની સાથે બ્રાન્ડ એનો બજારહિસ્સો વધારવા અને ભવિષ્યમાં લીડરશિપ જાળવવા પ્રયાસરત છે.

અમદાવાદમાં ફેનેસ્ટાનો શોરૂમ વિન્ડોઝ, ડોર્સનાં ઉત્પાદનોની રેન્જ તથા વિવિધ ડિઝાઈન અને જુદાં જુદાં કલરની રેન્જ પ્રસ્તુત કરે છે. આ લોંચ સાથે ફેનેસ્ટા હવે ૨૩૦થી વધારે સ્થળોમાં કામગીરી ધરાવે છે.